RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન રોઝ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

Vol.No-3, Issue No-9

TOTAL PAGE-4 Ahmedabad, Thursday 05/04/2018

# બાળકોને વેકેશન એટલે માતાઓની પરીક્ષા



ડો. નાનકભાઇ ભટ્ટ
ભાવનગર

**આવતા સમયનું પ્રતિબિંબ આજનાં બાળકમાં જોઇ શકાય છે ત્યારે જે માતાઓનાં ભૂતકાળ થકી બાળકનાં વર્તમાનનું સર્જન થયું છે. તે જ સ્ત્રીઓ બાળકનાં ભવિષ્યનાં સર્જન માટે થોડી વધુ ખેવના રાખે તો સોનામાં સુગંધ ભળે**

ભણતરનો ભાર એટલો અસહ્ય થઇ પડ્યો છે કે વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન જ વેકેશનની છુટ્ટીનું આયોજન કરવા લાગે છે. પરીક્ષા પૂરી થતાં બીજા-ત્રીજા દિવસે બાળકો મામાને ત્યાં, કોઇ કાકા-કાકીને ત્યાં, કોઇ મમ્મી-પપ્પા સાથે ૧૨-૧૫ દિવસનાં પ્રવાસે ઉપડે છે.

પણ શહેરોમાં ઘર નાનાં, રસ્તા ઉપર વાહનોની અવર-જવર, બાગ-બગીચા કે રમવાનાં મેદાનો ભાગ્યે જ હોય અને હોય તે પણ ઘરથી દૂર, તેમાં વળી ગરમી અને પાણીની ખેંચ, આથી બાળકોની મહેમાનગતિ પણ સંકોચાતી રહે તે સ્વાભાવિક છે. અને પરીક્ષાનું પરીણામ આવતાં સુધીમાં વેકેશનનો એક દોર પૂરો થઇ જાય અને બાળકો ! બાળકો પાછાં પોતાનાં ઘરે પહોંચી જાય.

વેકેશન આવતાં બાળકો સાવ નવરા સવારથી ટી.વી., ટેઇપરેકોર્ડર, સતત કંઇ ખાધા-પીધા કરવાનું બાળકો વચ્ચે નાની મોટી તકરાર અને તેમાં અલપઝલપ રમતો. વેકેશન, વિદ્યાર્થીઓને સાંજે હરવા-ફરવાનું મન થાય. પણ પુરૂષ વર્ગ નોકરી-ધંધામાં વ્યસ્ત, આથી રોજ કંઇ પ્રોગામ બને નહીં અને છેવટે બાળકોને પૂરો સમય સાચવવાની જવાબદારી માતાઓ ઉપર આવી પડે છે. જાણે તેમની પરીક્ષા જ.

વ્યવસાય કરતી સ્ત્રીઓ માટે બાળકોની રજા બોજારૂપ બને છે, તેમ ઘરકામ સાથે જોડાયેલ માતાઓ માટે વેકેશન આરામ ઝૂંટવી લેનાર બને છે. ઘરમાં બાળકોની સતત હાજરી પણ સ્ત્રીઓને પરેશાન કરે છે.

આવી સ્થિતિ વચ્ચે વેકેશનમાં ૪૫-૫૦ દિવસ સંતાનોને સાચવવા માટે તમારા ૬ થી ૧૫ વર્ષનાં બાળકોને જીવન શિક્ષણ સાથે સંકળાયેલા રોજની ૧-૨ તાલીમ તરીકે ૫૫ પ્રવૃત્તિઓ આપો અને પછી જુઓ ફરક !!! શાળાઓની રજા દરમ્યાન બાળકોને નીચેના જેવી પ્રવૃત્તિઓની અવૈધિક તાલીમ આપી શકાય.



**વ્યવસાય કરતી સ્ત્રીઓ માટે બાળકોની રજા બોજારૂપ બને છે. તેમ ઘરકામ સાથે જોડાયેલ માતાઓ માટે વેકેશન આરામ ઝૂંટવી લેનાર બને છે. ઘરમાં બાળકોની સતત હાજરી પણ સ્ત્રીઓને પરેશાન કરે છે.**

(૧)કચરો વાળતાં, કઇ જગ્યાએ ક્યાં પ્રકારની સાવરણીનો ઉપયોગ થાય ?ક્યારે ઉભા રહીને અને ક્યારે બેસીને વળાય તે શીખે, (૨)પોતુ કરતાં, પોતું કરવા માટે વપરાતું કપડું કેવું હોવું જોઇએ તે જાણે. (૩) બાથરૂમ, સંડાસ, ખાળ, ગટર સાફ કરતાં ફિનાઇલ, સાબુનો ઉપયોગ ક્યારે થાય તે જાણે, (૪) પોતાનાં કપડાં ધોતાં આવડે, (૫) વાસણ સાફ કરતાં (૬) ઓવન, રેફ્રીજરેટર, ટી.વી., ટેલીફોન, મોબાઇલ પ્રકારનાં ઘર વપરાશનાં સાદા સાધનોનો ઉપયોગ કરતાં જાણે, (૭) ભાખરી શાક બનાવતાં જાણે, (૮) શાકભાજી, અનાજ, કરીયાણું ખરીદતાં, તેની કિંમત ગણતાં શીખે, (૯) ઇલેકટ્રીક સપ્લાયનો ફ્યૂઝ ઉડી ગયો હોય તો બાંધતા (૧૦) બટન ટાંકતાં (૧૧) કપડુ ફાટ્યુ હોય તો સાંધતાં (૧૨) દિવાલમાં ચંપલમાં કે ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રૂ બેસાડતા. (૧૩) ચોપડીને પૂઠું ચડાવતા, (૧૪) ગુંદરથી કાગળ ચોંટાળતા. (૧૫) સાચી રીતે સરનામું લખતાં, (૧૬) પડીકું વાળતાં, (૧૭) ફૂલોની માળા ગૂંથતાં, (૧૮) રંગીન દોરા અને સોયથી ભરતનાં ટાંકા લેતાં, (૧૯) પાણી ભરતાં, (૨૦) બસ અને રેલ્વે સમય પત્રક જોતાં શીખે, (૨૧) નકશો જોઇને સ્થાન શોધી કાઢવું, (૨૨) શેરડીનો સાંઠો છોલતાં, સૂડાથી કેરી કાપતાં, (૨૩) હિસાબ લખતાં, (૨૪) કોરા કાગળમાંથી નોટ બાંધતાં, (૨૫) ઘઉં, ચોખા, દાળ વગેરેની જાતને ઓળખતાં શીખે, (૨૬) કઇ ઋતુમાં ક્યાં શાકભાજી હોય તેની માહિતી જાણે અને તાજા શાકભાજી ખરીદતાં શીખે, (૨૭) કાપડની જાત ઓળખતાં શીખે, (૨૮) લખેલા સરનામાંના સ્થળે પહોંચવું, (૨૯) ઘેર આવતાં પત્રોનો ઉત્તર લખવો, (૩૦) સુઘળ રીતે શેતરંજી પાથરતાં અને સૂવા માટે પથારી કરતાં, (૩૧) ઝાડ ઉપર ચડતાં, (૩૨) આસોપાલવનાં તોરણ બનાવતાં, (૩૩) પશુને ચારો ખવડાવતાં, (૩૪) બૂટ પોલીસ કરતાં, (૩૫) પાણીમાં તરતાં, (૩૬) યોગ્ય રીતે પોતાનો પરીચય આપતાં, (૩૭) કૂંડામાં કે જમીનમાં છોડ રોપીને ઉછેરતાં, (૩૮) બેગ-બિસ્તરામાં સામાન ગોઠવતાં, (૩૯) કોઇપણ વસ્તુનું જોખીને વજન કરતાં શીખે, (૪૦) કાપડ અથવા જમીન માપતાં શીખે, (૪૧) રસ્સી-રસ્સાથી લાકડાંઓ બાંધતાં, (૪૨) બિસ્તરો બાંધતાં શીખે, (૪૩) કપડાની વ્યવસ્થિત ગડી કરતાં, (૪૪) ચિત્રકામ કરતાં, રંગોળી પૂરતાં, સુંદર અક્ષરે લખતાં અને સૂર તાલમાં ગીત ગાતાં શીખે, (૪૫) આંટા ખવાઇને ઢીલા થયાં હોય અને નળમાંથી પાણી પાણી ટપકતું હોય તો તે બંધ કરતાં, (૪૬) પાનુ, પક્કડ, ચીપિયો, હથોડી, સ્ક્રૂ ડ્રાઇવર, જેક, કોશ, કોદાળી, પાવડો, કાતર, કુહાળી, ખુરપી વગેરે સાધનોને ઓળખતા અને તેમનો ઉપયોગ કરતાં જાણે, (૪૭) લાઠી, ચાકુ, ગિલોલ, તીર કામઠું વગેરેનો ઉપયોગ કરતાં, (૪૮) સૂર્ય નમસ્કાર કરતાં જાણે, (૪૯) દોરડાની મદદથી પર્વત પર ચઢાણ કરવું, પશુ સવારી કરવી, ગુલાંટ ખાવી, દોરડાં કૂદવાં, (૫૦) સમૂહમાં ગીત સાથે અભિનય કરતાં આવડે, (૫૧) ઝાડ-પાન ઓળખતાં, (૫૨) અભ્યાસ અને અવલોકન નોંધ તૈયાર કરતાં, (૫૩) વડીલોને માન આપે, (૫૪) ૧૦ મિનિટ માટે શાંત ચિત્તે ધ્યાન કરવાની પદ્ધતિ શીખે, (૫૫) ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખતાં જાણે, મા-બાપ પોતાનાં બાળકનાં રસ રૂચી, ઘરનાં વાતાવરણ અને ઉપલબ્ધ સાધનોની મર્યાદામાં આ યાદીમાં વધારો-ઘટાડો કરી શકે છે.

બાળકને એક કાર્ડ ઉપર આ કૌશલ્યો લખવા અને ક્રમશઃ રોજ એકથી બે કૌશલ્યો પૂર્ણ કરવા જણાવો. થોડી તાલીમ અને થોડું પ્રોત્સાહન આપો. રાત્રિનાં ખાણા સમયે બાળકે પ્રાપ્ત કરેલ કૌશલ્યની ચર્ચા કરો અને નોકરી ધંધાથી પરત આવેલા પપ્પા પેન-પેન્સિલ, પિપરમીટ તેમજ નાનો પુરસ્કાર આપે અને પછી જુઓ પરીવર્તન.

સર્જન શીલતાને પ્રાર્થના કહેનાર ઉપનિષદે સ્ત્રીઓનાં કૌશલ્યમાં પૂજા નીરખી છે. ગીતામાં પણ પ્રવૃત્તિનાં કૌશલ્યને યોગ કહ્યો છે. ત્યારે બાળકો સાથેનાં પ્રવૃત્તિ સાતત્યને જીવન શિક્ષણ તરીકે જોડવાની દ્રષ્ટિ કેળવવાની જરૂરીયાત છે.

ભણતરનાં ભાર વિના રજાની મજા માણતાં બાળકોમાં કૌશલ્યોનાં વિકાસથી તેઓને આત્મ પ્રદર્શનની તક મળે છે. તેઓમાં વિશ્વાસ વધે છે. તેઓ સર્જનનો આનંદ માણી શકે છે. અને શીખેલું જીવન પર્યન્ત યાદ રાખી ખપમાં લાવી શકે છે. શાળાકીય જીવનમાં બૌદ્ધિક વિકાસને પ્રાધાન્ય મળે છે, પણ શરીર અને મનની ભાવનાઓનો વિકાસ તો ગૃહ તાલીમ દરમિયાન જ થાય છે અને શિક્ષણનો મૂળ હેતુ સુદ્રઢ બને છે. બાળક આવતી કાલનું ભવિષ્ય છે. આવતા સમયનું પ્રતિબિંબ આજનાં બાળકમાં જોઇ શકાય છે ત્યારે જે માતાઓનાં ભૂતકાળ થકી બાળકનાં વર્તમાનનું સર્જન થયું છે. તે જ સ્ત્રીઓ બાળકનાં ભવિષ્યનાં સર્જન માટે થોડી વધુ ખેવના રાખે તો સોનામાં સુગંધ ભળે.

# વગર વિચાર્યું જે કરે તે પાછળથી પસ્તાય!!!



બલદેવ જે. પરી,
શિક્ષક, જૂનાગઢ

**વણઝારાએ ચિઠ્ઠી વાંચી અને આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં. અને કહેવા લાગ્યો. ડાઘિયા તે તો મારી આબરૂ વધારી હતી.**

લાખો કરીને એક વણઝારો હતો. પૈસે ટકે ઘણો સુખી હતો. પરંતુ જીંદગીમાં દરેક દિવસો માણસને સરખા જતાં નથી. તેને પૈસાની ખોટ પડવા લાગી. આથી તે એક શેઠ પાસે ગયો. પોતાની મુશ્કેલીની બધી વાત કરી અને કહ્યું કે તમારી પાસેથી ઉછીનાં લીધેલાં પૈસા એક વરસમાં તમને પાછા આપી જઇશ. શેઠે કશી જ શરત કર્યા વિના પ્રમાણિકતા પર પૈસા આપ્યાં.

વણઝારાએ પૈસા લઇને જતી વખતે કહ્યું કે આ મારો ડાઘિયો કૂતરો તમને સોંપુ છું. પોતાના કૂતરાને શિખામણ આપી કે, હવેથી શેઠનું કામ બરાબર કરજે. અહીંથી નાસી આવીશ નહીં, કહી વણઝારો છૂટો પડ્યો.

હવે બન્યું એવું કે શેઠનાં ઘરમાં એક દિવસ ચોરી થઇ. કૂતરાએ શેઠને જગાડવાનાં ઘણાં પ્રયત્ન કર્યા પણ શેઠ જાગ્યાં નહીં. ચોર લોકો બધુ ઉઠાવી ગયાં. પરંતુ કૂતરાએ તેનો પીછો પકડ્યો. પોતાના માલિકનું ધન ક્યાં છૂપાવે છે તે જોઇ લીધું. સવારે શેઠ જાગ્યાં ત્યારે ખબર પડી કે ઘરમાં ચોરી થઇ છે. શેઠ તો લમણે હાથ દઇ નીચે બેસી ગયાં. ડાઘિયો શેઠનાં ધોતિયાનો છેડો ખેંચવા લાગ્યો. આથી શેઠ ઉભા થયાં. ડાઘિયો તેને ધન દાટેલી જગ્યાએ લઇ ગયો. પોતાના પગ વડે જમીન ખોતરવા માંડ્યો. શેઠ સમજી ગયા કે કૂતરો શું કહેવા માંગે છે. તેથી જમીન ખોદીને પોતાનું ધન, ઘરેણાં વગેરે પાછા મેળવ્યાં. ડાઘિયા પર



શેઠ ખૂબ ખુશ થયા. આથી તેને થયુ કે ચાલ, હવે તેને હું મુક્ત કરૂં તેથી તે તેનાં માલિક વણઝારાને મળી આવે.

એ વિચારે શેઠે વણઝારા પર પત્ર લખ્યો કે હું તમારો આભાર માનું છું. કારણકે તમારા ડાઘિયાએ સુંદર કામ કર્યું છે. એ ન હોત તો મારી શી દશા થાત ! તેના પર મને ખૂબ જ પ્રેમ આવે છે. જેથી તમારા પુત્ર જેવા ડાઘિયાને તમારા પાસે શાબાશીનાં શબ્દો માટે મોકલું છું. આ પ્રમાણે લખી ડાઘિયાનાં ગળે ચિઠ્ઠી બાંધી.

પોતાના માલિકને મળવા કૂતરો દોડ્યો જાય છે. તેવામાં સામેથી પોતાનો માલિક વલણઝારો દેખાયો. ડાઘિયો તેની પાસે દોડીને પહોંચી ગયો. પોતાના માલિકને ઘણા સમય પછી મળ્યો તેથી તેને એમ હતું કે વણઝારો હમણાં મને પ્રેમથી બોલાવશે. પણ તેણે ડાઘિયા પ્રત્યે તિરસ્કાર બતાવ્યો. વણઝારાને થયુ કે શેઠને ત્યાં એણે વફાદારી નહી બતાવી હોય જેથી આજે મારા પાસે મોકલ્યો છે. તુ કશા જ કામનો નથી કહી વણઝારો ખૂબ ગુસ્સે થયો.

પોતાના માલિકનાં આવા તિરસ્કારથી ડાઘિયાને ખૂબ જ દુઃખ થયું. તે પથ્થર પર માથા પછાડીને મરી ગયો. પછી વણઝારાને તેના ગળા ઉપર બાંધેલી ચિઠ્ઠી દેખાઇ. વણઝારાએ ચિઠ્ઠી વાંચી અને આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં. અને કહેવા લાગ્યો. ડાઘિયા તે તો મારી આબરૂ વધારી હતી. શેઠ તારા પર ખુશ થયા હતાં. પણ હું તને ન સમજી શક્યો. મેં આજે મારો પુત્ર ગુમાવ્યો હોય એટલુ દુઃખ તને ગુમાવતા થાય છે ! કહી વણઝારો પોક મૂકીને રડ્યો. પણ પછી પસ્તાવાથી શું ? આથી કહેવત છે કે, 'વગર વિચાર્યું જે કરે તે પાછળથી પસ્તાય.'

# પ્રાથમિક શાળામાં અસરકારક અંગ્રેજી પ્રત્યાયન






**પ્રવિણ કે. મકવાણા**
આચાર્ય, ભાવનગર

**શિક્ષકે વ્યવહારીક એવા અર્થપૂર્ણ શબ્દો, વાક્યો, પરિચ્છેદનું મૂકવાચન કરાવવું જોઇએ. આમ કરવાથી અંગ્રેજીનો હાવ કે ડર મનમાંથી દૂર થાય છે.**

**બાળકોને અંગ્રેજી ભાષામાં કોઇ પ્રાણી, પક્ષી, વ્યક્તિ વગેરેનો પરીચય આપતાં પણ શીખવવું જોઇએ**

પ્રત્યાયનને અંગ્રેજીમાં ‘Communication’ કહે છે. પ્રત્યાયન મૂળ લેટીન શબ્દ ‘કોમ્યુનિકો’ પરથી બનેલો છે. ‘Communication’ શબ્દનો અર્થ To share એવો થાય છે. આથી જ એરિસ્ટોટલ કહે છે. કે, “પ્રત્યાયન એટલે ઇચ્છિત અસર સિદ્ધ કરવા માટે અન્ય પર પ્રભાવ પાડતું સમજાવટ કે સમાધાનનું સાધન”.

આજે વિશ્વમાં અંગ્રેજી ભાષા ટેકનોલોજીના આધુનિક સમયે શીખવી અનિવાર્ય બની છે. ખાસ કરીને વ્યક્તિ સમાજ અને રાષ્ટ્રનાં વિકાસ માટે પોતાનાં હુન્નર, કલા, વ્યવસાયની સજ્જતા કેળવવા, વિશ્વ સામે પોતાના વિચારો મૂકવા માટે તેમજ વિશ્વનાં વિચારો મેળવવા માટે અંગ્રેજી અનિવાર્ય છે. પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી ભાષાનાં અસરકારક પ્રત્યાયન માટે વર્ગખંડમાં ‘Communication Approach’ એટલે કે પ્રત્યાયનલક્ષી અભિગમ શિક્ષકે ધ્યાને લેવા જોઇએ. આ કામ કરવાથી વર્ગનાં તમામ બાળકોને અંગ્રેજી બોલવાની તક મળશે. આ પાયાની બાબત શિક્ષકે શીખવવાની જરૂર છે. શિક્ષક તરફથી બાળકોને જો ઘણું બધુ સાંભળવાની તક પણ વર્ગખંડમાં મળે તો વિદ્યાર્થીઓનું પ્રત્યાયન સારૂ બને. અસરકારક પ્રત્યાયન માટે શિક્ષકે નીચેની પ્રવૃત્તિઓ વર્ગખંડમાં કરવી અત્યંત જરૂરી છે. જેમાંની કેટલીક નીચે મુજબ છે.

(૧) બાળકો રોજબરોજનાં અભિવાદનનો શિક્ષક સામે કરે અને શિક્ષક તેનો અંગ્રેજી ભાષામાં જ પ્રતિભાવ આપે જેમકે..
Teacher enters in the class
Students : Good morning sir,
Teacher: Very Good morning to you all

(૨) શિક્ષક બાળકોને Who, Where, When, What, How many જેવા પ્રશ્નોનાં જવાબ પૂછશે. અને બાળકો તેનાં જવાબ આપશે.
Teacher : How many students are absent today ?
Students : four girls and three boys are not present today sir.

(૩) શિક્ષક બાળકો સાથે પરિચિત પરિસ્થિતિમાં સાનુકૂળ સંવાદ કરી શકશે. વિદ્યાર્થીઓ વ્યવહારીક અને નાટકીય સંવાદ કરશે. પોતાના ગમા, અણગમા કે લાગણીઓ વગેરે સંવાદમાં દર્શાવી શકશે.
Mira said: What is your plan for this vacation krupa?
Krupa: replied that she wants to go for tracking
Mira: I don’t like tracking but I like pera sailing

(૪) શિક્ષકે વર્ગમાં રોલ-પ્લે, નાટ્યીકરણ, ચર્ચા, પ્રસંગ વર્ણન, ચિત્રવર્ણન જેવી પ્રયુક્તિઓથી અનુભવો પ્રાપ્ત કરશે.

(૫) શિક્ષકે બાળકોને ટૂંકી કોઇ પરિચિત એવી વાર્તાઓ સંભળાવીને તે આધારિત પ્રવૃત્તિઓ કરાવીને કાર્ય કરવાનું છે.

(૬) બાળકો કોઇ સ્થાન, વસ્તુ વગેરે વિશે સાંભળીને ઓળખે, શબ્દોને અનુરૂપ ચિત્ર સાથે જોડે, તે અંગે વાત કરે તો વિદ્યાર્થીઓને મજા આવે છે.

(૭) શિક્ષકે વાર્તાઓ સંભળાવીને બાળકો એવી જ કોઇ વાર્તા પ્રાર્થના સંમેલન કે બાલસભામાં રજૂ કરે તેવું ભાવાત્મક વાતાવરણ પુરૂ પાડવું જોઇએ. જેમકે...
Vinu
Vinu climbed up a tree. He sat on a branch. He was cutting the same branch. An oldman saw the boy. He, said ‘Oh vinu ! Don’t cut that branch. You will fall’ The boy laughed at the old man. He did not follow his advice. He continued to cut the branch. He fell down and broke his leg. આપણી શાળાનાં બાળકોને આવી ટૂંકી વાર્તાઓ શિક્ષક કહે તો બાળકો તેના જવાબ આપીને વધુ સારી રીતે અંગ્રેજી શીખી શકે. આવી અનેક જુદા જુદા પ્રકારની ટૂંકી વાર્તાઓ આપવાથી તેનાં આધારે Comprehension માટેની પ્રવૃત્તિ સરસ થાય છે.

(૮) શિક્ષકે વ્યવહારીક એવા અર્થપૂર્ણ શબ્દો, વાક્યો, પરિચ્છેદનું મૂકવાચન કરાવવું જોઇએ. આમ કરવાથી અંગ્રેજીનો હાવ કે ડર મનમાંથી દૂર થાય છે. જેમકે...
I am a school boy. This is my school.
He is Dhanjibhai. That is my bag.
She is Vanitaben. Her husband is a farmer.
That is a temple. Its flag is very long.
Those are trees. Their leaves are green.

(૯) બાળકો ફકરાનું શ્રુત લેખન કરે તે માટે લેખન મહાવરાઓ પૂરા પાડવા જોઇએ. જેમકે.
This is a cupboard. Those are tins. This is a gas lighter. That is a gas cylinder. That is a refrigerator. These are oranges. These are carrots. Those are bottles. These are chocolates. That is a window. This is a big kitchen.

(૧૦) કોઇ ઘટના કે પાત્રો વિશે તેના લક્ષણો વિશે બાળકો વિગત રજૂ કરે તે તારવી શકે તેવી સમજૂતી આપવી જોઇએ.
This is a pen.
This is a my note book.
This is my friend.
That is my teacher
These are my family members.
Those are trees.
Those are vehicles.

(૧૧) અર્થપૂર્ણ વાક્યો કે ફકરાનું શ્રુતલેખન કરી શકે તે માટે પ્રોત્સાહન આપવું જોઇએ. જેમકે..
આ રસોડુ છે, પેલો સ્ટવ છે, આ થાળીઓ છે, આ ચમચીઓ છે, પેલો ઘડો છે, પેલો ગ્લાસ છે, આ કીટલી છે, પેલી રકાબીઓ છે, પેલું બાસ્કેટ છે, પેલા ફળો છે.

(૧૩) ચિત્ર, ગ્રાફ, નકશા, વાર્તા, પરિચ્છેદ વગેરેની વિગતોનું વર્ગીકરણ કરે તે રીતે સમજૂતી આપવી જોઇએ.

(૧૪) વર્ગમાં અભિવાદન કરીને વિદ્યાર્થી પ્રતિભાવો આપે તેવી સૂચનાઓ આપવી જોઇએ. જેમકે.. What is it ?
It is a pencil.

(૧૫) સાદા સરળ પત્ર કે ઇ-મેઇલ કરે અને જવાબ લખી શકે તે શિક્ષકે થોડુ ઘણું શીખવવું જોઇએ.

(૧૬) બાળકો શાળા પુસ્તકાલયમાંથી સામાયિકો, અંગ્રેજી ભાષાનાં પુસ્તકો વાંચે તે માટે શિક્ષકે અંગ્રેજી વર્તમાનપત્ર કે પુસ્તકનો પરિચય અંગ્રેજીમાં આપવો જોઇએ.

(૧૭) સરળ ભાષામાં શિક્ષક કે અન્ય પોતાના મિત્ર કે બહેનપણીને ચિઠ્ઠી લખી, વાંચી શકે તે માટે લાઇટબીલ, વિઝીટીંગ કાર્ડ, પણ આપવા જોઇએ.

(૧૮) બાળકોને અંગ્રેજી ભાષામાં કોઇ પ્રાણી, પક્ષી, વ્યક્તિ વગેરેનો પરિચય આપતાં પણ શીખવવું જોઇએ. જેમકે..
A person who lives on vegetables – vegetarian.
Specialist in children’s diseases – pediatrician.
A shopkeeper who sells the writing materials – stationer.

(૧૯) બાળકોને સરળ એવી Rhymes, Action, song વગેરે ગાઇને સંભળાવવા જોઇએ. તદુપરાંત નવા બીજા શીખવવા જોઇએ.

(૨૦) બાળકોને નાના નાના જોડકડા કે વ્યવસાયકારોનો પરિચય પણ આપવાથી કે નાના પ્રોજેકટ વર્ક આપવાથી તે તેના વિવિધ કૌશલ્યો ખીલે છે. વર્ગખંડમાં Classroom, hospital, Bank, Railway કે જુદી જુદી જગ્યાએ લઇ જઇને અંગ્રેજીમાં વપરાતા શબ્દોની નામાવલીની યાદી તૈયાર કરાવો આમ કરવાથી Oral work ખૂબજ સુંદર રીતે થઇ શકે છે. શિક્ષક અને બાળક બંનેને શીખવા અને શીખવવાનો આનંદ મળે છે.

આપણી સરકારી પ્રાથમિક શાળાઓ કે ખાનગી શાળાઓનાં શિક્ષકે અંગ્રેજી ભાષા શીખવવા મૂળભૂત રીતે કુદરતી ક્રમ L+S+R+W ક્રમશઃ ભાષાનાં કૌશલ્યો ધ્યાને લેવા જોઇએ. આમ કરવાથી બાળકમાં Self confidence વિકસે મેં જણાવેલા આ વીસ મુદ્દાઓ પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓ જો શિક્ષક બાળક માટે નિષ્ઠાથી વર્ગમાં કામ કરશે તો બાળકનો Vocabulary development આપોઆપ થાય છે. વર્ગમાં Oral work for Written work for Unit work પર શિક્ષક ઝડપથી જઇ શકે છે. આ તમામ Activities કરવાથી પ્રાથમિક શાળાનાં ધોરણ ૪ થી ૮નાં બાળકોમાં શિક્ષક સારૂ પરીણામ મેળવી શકે છે. આમ આજે પ્રાથમિક શાળાઓમાં શિક્ષક-વિદ્યાર્થી પોતાના વિચારો, સંવેદનાઓ, અનુભવો વગેરે અભિવ્યક્તિ અને અર્થગ્રહણ સાથે જોડાય ત્યારે જ આપણું અંગ્રેજી શિક્ષણ અસરકારક બનશે. આ પ્રત્યાયન માટે શિક્ષક - વિદ્યાર્થી અથવા વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે થાય તો જ આપણે આપણા અંગ્રેજી ભાષાનાં અધ્યયન નિષ્પત્તિઓ અસરકારક બનાવી શકીશું. ખાનગી શાળાઓનાં વધતા જતાં પ્રભાવને રોકવા માટે સરકારી પ્રાથમિક શાળાઓનાં અંગ્રેજી શિક્ષણને પ્રભાવક અને તેજસ્વી બનાવવું તે દરેક શાળાનાં ભાષા શિક્ષકની અનિવાર્ય ફરજ છે. અંગ્રેજી ભાષામાં અભિવ્યક્ત થવાની તક બાળકને શિક્ષકે અવશ્ય આપવી જોઇએ.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# વેકેશનમાં 'સ્માર્ટ' ફોન યુઝર્સ બનતાં શીખો



તેજસ ઠક્કર
IT EXPERT
www.tejasthakkar.com

**મોબાઈલ ફોનને આખી રાત ચાર્જીંગમાં ન મુકશો. શક્ય હોય ત્યાં સુધી મોબાઈલની બેટરી બિલકુલ ઉતરીને શૂન્ય થઈ જાય અને ફુલ ચાર્જીંગ સાથે સો ટકા થઈ જાય તે પરિસ્થિતિને ટાળો.**

આપની પાસે ચોક્કસાઈથી સ્માર્ટ ફોન હશે, ખરૂને? તમે કહેશો – આ તો વળી કંઈ પૂછવાની વાત છે? હા ભાઈ, હા.. અમારી પાસે લેટેસ્ટ સ્માર્ટ ફોન છે. હવે, મારો સવાલ છે, તમારી પાસે રહેલો ફોન તો સ્માર્ટ છે. પરંતુ શું તેનો ઉપયોગ કરવામાં તમે સ્માર્ટ છો. ખરાં? શું તમે ફોનનો સ્માર્ટ ઉપયોગ કરતાં સ્માર્ટ યુઝર્સ છો? માથુ ખંજવાળવા લાગ્યાં કે શું ? સ્માર્ટ ફોનનો તો વળી 'સ્માર્ટ યુઝર્સ' તરીકે ઉપયોગ કરવાનો આ તે વળી કેવી રીતે શક્ય બને ? વાંચક મિત્રો, આ બાબત શક્ય છે. વેકેશન આવી રહ્યું છે. ત્યારે મોબાઈલની સ્ક્રિનમાં ન ખોવાઈ જશો. મોબાઈલનો વ્યવહારૂ અને મર્યાદામાં ઉપયોગ ચોક્કસાઈથી કરી શકાય. પરંતુ તેનો અવ્યવહારૂ અને અમર્યાદિત ઉપયોગ અનેક પ્રકારની સમસ્યા સર્જી શકે છે. પ્રસ્તુત આર્ટીકલમાં આપણે સ્માર્ટ ફોનનો 'સ્માર્ટ' રીતે ઉપયોગ કરીને 'સ્માર્ટ' ફોન યુઝર કેવી રીતે બની શકાય તેનાં વિશે વિગતવાર ચર્ચા કરીશું...

વેકેશન એટલે મજ્જાની લાઈફ. પરીક્ષાઓ પૂરી થાય અને વેકેશન શરૂ થાય. વેકેશનમાં કોઈપણ પ્રકારનું બંધન ન હોય. ફક્ત અને ફક્ત મોજ, મસ્તી અને આનંદ, વળી આજનાં મોબાઈલ યુગમાં આનંદ અને પ્રમોદ મેળવવાનો હાથ વગો ઉપાય એટલે મોબાઈલ !!! હવે, પ્રશ્ન એ છે કે આપણને લાગે છે કે આપણે મોબાઈલનો ઉપયોગ કરી રહ્યાં છીએ, પરંતુ ખરેખર બને છે એવું કે મોબાઈલનાં અવિરત ઉપયોગનાં કારણે મોબાઈલ આપણો ઉપયોગ કરી જાય છે !!! મોબાઈલ પર સતત અને અવિરત વોટ્સએપ, ફેસબુક, મ્યુઝીક, વિડિયો, ગેમ્સ, અવિરત વાતો, મેસેજ વગેરેનાં કારણે સમય ક્યાં પસાર થઈ જાય છે તેની ખબર જ રહેતી નથી !!! જો એક દિવસ કે એક કલાક માટે પણ તમને તમારા મોબાઈલ ફોન વિના રહેવાનું કહેવામાં આવે તો ? શુ આ બાબત તમારા માટે શક્ય છે ? ચોક્કસથી મોબાઈલ એ આપણી જરૂરિયાત છે, પરંતુ તેને બંધન હોવું કે તેનું બંધાણી હોવું યોગ્ય છે ખરૂ ? આપને જાણીને નવાઈ લાગશે કે આજે વિશ્વનાં અનેક દેશોમાં મોબાઈલનું વ્યસન કે વળગણ દૂર કરવાં માટેનાં કલાસ કે થેરાપી ચાલી રહી છે.

આ માટેની એપ પણ ઉપલબ્ધ છે. જે તમારા મોબાઈલનાં ઉપયોગનો કયાસ કાઢીને ગ્રાફિક્લ સ્વરૂપે તમારા મોબાઈલનાં ઉપયોગની બાબતોને રજૂ કરશે. આ માટેનાં ડિવાઈસ પણ ઉપલબ્ધ છે.

જે તમારા મોબાઈલનાં ઉપયોગ પર દેખરેખ રાખશે. આપને કદાચ જાણીને નવાઈ લાગશે ખરૂ ને ? પરંતુ આ બાબત સાચી છે!!!

પહેલાનાં સમયમાં મોબાઈલ ફોન હોવો એ સ્ટેટસ ગણાતુ હતું. ત્યારબાદ મોબાઈલ હોવો એ જરૂરિયાત થઈ ગઈ. હવે, મોબાઈલ ફોન હોવો એ આપણી મજબૂરી બની ગઈ છે. આ સ્માર્ટ ફોન મજબૂરીની સાથે સાથે અનેક પ્રકારની બિમારીઓને પણ આમંત્રણ આપી રહ્યો છે. નવી પેઢીનાં હાથમાં મોબાઈલ છે કે મોબાઈલનાં હાથમાં નવી પેઢી છે ? આ બાબત વિચારવા જેવી ખરી.. આજ બાબતને અનુલક્ષીને પ્રસ્તુત ગંભીર મુદ્દા પર ચર્ચા કરી રહ્યો છું.

**મોબાઇલનાં એડિકશન હોવાનું કેવી રીતે જાણી શકાય ?**
**નીચે આપેલ પરિસ્થિતિ પરથી જાણી શકાય કે તમને મોબાઇલનું એડિકશન છે.**

- વારંવાર મોબાઈલને on કરીને તેમાં કોઈ નોટીફિકેશન આવ્યું છે કે કેમ તે ચકાસવું.
- રાત્રે ઉંઘમાંથી જાગીને વારંવાર WhatsApp કે Facebook ના સ્ટેટસને ચેક કરવું.
- ફોનમાં રીંગ ન વાગી હોવા છતાં આ પ્રકારનો આભાસ થવો અને ફોન લઈને બેસી જવું.
- ફોન પર કલાકો સુધી બેસી રહેવું અને સમયનું ભાન ન રહેવું.
- સ્માર્ટ ફોનને એક પળ માટે પણ પોતાનાથી અલગ ન થવા દેવો.
- ફોન પર અવિરતપણે ગેમ્સ રમવી કે વિડિયો જોવાં.

**મોબાઇલ અને તમારૂ સ્વાસ્થ્ય**

- આજ કાલ મોબાઈલનો ઉપયોગ એટલો બધો વધી ગયો છે કે, ઘણાં યુઝર્સ માટે થોડા સમય માટે પણ તેના વિના રહેવું મુશ્કેલ હોય છે. ભાગ્યેજ કોઈ એવું હશે જે મોબાઈલનાં ઉપયોગથી અજાણ હશે. આકર્ષક અને મોંઘા સ્માર્ટ ફોન ખરીદવાની ઈચ્છા સૌ કોઈની હોય છે. પરંતુ આ સુંદર દેખાતા સ્માર્ટ ફોન એ પર્યાવરણની સાથે જ આપણાં સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. મોબાઈલ ફોનએ રેડિયો વેવનાં આધારે કામ કરે છે. ઘણાં મોબાઈલ યુઝર્સ એવી માન્યતા ધરાવતાં હોય છે કે, જ્યારે મોબાઈલ ફોન ઉપયોગમાં નથી હોતો ત્યારે તેમાં કોઈ પણ પ્રકારની કામગીરી થતી નથી. આ બાબત ખોટી છે, દર ૩૦ થી ૪૦ સેકન્ડે મોબાઈલ ફોન વડે સતત અને અવિરત રીતે રેડિયો વેવને એન્ટેના તરફ ફેંકવામાં આવે છે. જો તમારૂ શરીર સતત મોબાઈલ ફોનનાં સંપર્કમાં રહે અથવા મોબાઈલ ટાવરની નજીક રહે તો લાંબા ગાળે સ્વાસ્થ્યને અસર થઈ શકે છે.

**મોબાઇલ એડિકશનથી બચવાનાં ઉપાયો.**
**મોબાઇલ એડિકશનથી બચવા માટેનાં ઉપાયોને અનુસરો.**

- જો તમને રાત્રે ઓશીકાની નીચે કે તમારી બાજુમાં જ મોબાઈલ રાખીને સુવાની આદત હોય તો તેને તુરંત જ બદલો. મોબાઈલને તમારાથી દૂર રાખીને સૂવો. જો મોબાઈલમાં આલાર્મ લગાવીને સુવાની આદત હોય તો પણ તેને તમારાથી દૂર રાખીને જ સૂવો.
- જો તમે મોબાઈલ ફોનને તમારા હૃદયની નજીક એટલે કે ખિસ્સામાં રાખો છો તો આ આદત પણ દૂર કરવાની જરૂર છે. શક્ય હોય ત્યાં સુધી મોબાઈલને તમારા શરીર પર લગાવીને ન ફરો. શક્ય હોય તો તેને બેગમાં રાખો. તમારા કામનાં સ્થળે મોબાઈલને તમારાથી થોડે દૂર ટેબલ પર રાખી શકો છો. મોબાઈલ ફોનની મેન્યુઅલ બુકમાં પણ આ બાબતે ઉલ્લેખ જોવા મળે છે કે, મોબાઈલને શક્ય તેટલો તમારા શરીરથી દુર રાખો.
- વાહન ચલાવતી વખતે ટ્રેનમાં કે લીફ્ટમાં શક્ય હોય ત્યાં સુધી વાત કરવાનું ટાળો. આ પ્રકારની પરિસ્થિતિમાં યોગ્ય સિગ્નલનાં અભાવનાં કારણે મોબાઈલ વધુ રેડિયો વેવ ઉત્પન્ન કરે છે, જે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. આ પ્રકારની પરિસ્થિતિમાં ફોનનો ઉપયોગ ન કરવો સલાહભર્યું છે.
- યોગ્ય સિગ્નલનાં અભાવના કારણે ઘણી વખત ફોન ઝડપથી ગરમ થઈ જતો જોવા મળે છે. આ કારણે તમારા કાન અને તેની આસપાસનો ભાગ પણ ગરમ થયાનું અનુભવ્યુ હશે. તેના ઉપાય સ્વરૂપે ઈયરફોનનો ઉપયોગ કરી શકાય.
- શક્ય હોય ત્યાં સુધી મોબાઈલ ફોન પર લાંબી લાંબી વાતો કરવાનું ટાળો. જો તમારી પાસે લેન્ડલાઈન ફોનની સુવિધા ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ બાબત છે. જો ફોન કરવાની જગ્યાએ મેસેજથી કામ થઈ શકતું હોય તો તે ઉત્તમ માર્ગ છે.
- વાલીમિત્રો માટે ખાસ બાબત, તમારો મોબાઈલ ફોન બાળકોને ન આપશો. ગેમ્સ રમવા માટે પણ નહીં. બાળકોનાં હાડકાં ખૂબજ નરમ અને નાજુક હોય છે. મોબાઈલનાં રેડિયો વેવ તેમનાં માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.
- જ્યારે મોબાઈલ ફોન પર સિગ્નલ ઉપલબ્ધ ન હોય કે સિગ્નલ નબળાં હોય ત્યારે ક્યારેય પણ તેનો ઉપયોગ ન કરશો. કારણકે આ પરિસ્થિતિમાં મોબાઈલ ફોન વધુ પડતાં રેડિયો વેવ ઉત્પન્ન કરે છે. અને ઝડપથી સિગ્નલ શોધવાનાં પ્રયત્નો કરે છે. આ પરિસ્થિતિમાં યોગ્ય સિગ્નલ ઉપલબ્ધ બને ત્યારે જ તેનો ઉપયોગ કરવો હિતાવહ છે.
- મોબાઈલ ફોનને આખી રાત ચાર્જીંગમાં ન મુકશો. શક્ય હોય ત્યાં સુધી મોબાઈલની બેટરી બિલકુલ ઉતરીને શૂન્ય થઈ જાય અને ફુલ ચાર્જીંગ સાથે સો ટકા થઈ જાય તે પરિસ્થિતિને ટાળો.
- પ્રસ્તુત આર્ટીકલનો ઉદ્દેશ્ય માત્ર સ્માર્ટ ફોનનો વ્યવહારૂ ઉપયોગ કયા પ્રકારે કરવો તે છે અને મોબાઈલ આપણાં હાથમાં રહે, આપણે મોબાઈલનાં હાથમાં સરકી ન જઈએ તે ધ્યાનમાં રાખતાં શીખવાનો છે.

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Pageનાં માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવા ટેકનોલોજીનાં મુદ્દા સાથે..

અને હા.. આપના અમૂલ્ય સુચનો The Open Pageનાં માધ્યમ થકી મોકલતાં રહેશો..





ખુશી ત્યારે મળશે જ્યારે તમે જે વિચારો છો, જે કહો છો, અને કે કરો છો, અને એ તમારી સંવાદિતામાં હોય **-મહાત્મા ગાંધી**

# સ્વાર્થી માણસ



એક નાનકડું ગામ હતું. તે ગામમાં એક મજૂર રહેતો હતો. તે રોજ સવારે મજૂરી કરવા જાય અને બપોરે ઘેર ખાવા માટે પાછો આવે. ખાધા પછી થાકનાં કારણે તે તેના ઘરની બાજુમાં આવેલા આંબાનાં ઝાડ નીચે ખાટલો ઢાળી આરામ કરે. ઝાડ પણ પરોપકારી હતું. મજૂરનો થાક જોઇ તેને છાંયડો આપે અને સાથે સાથે પોતાની ડાળીઓ હલાવી મીઠો મીઠો અને ધીમો ધીમો પવન પણ નાખે. આવું રોજ ચાલ્યાં કરતું.

સમયાન્તરે આંબાને ફળ બેસવાનો સમય આવ્યો. સૌથી પહેલા આંબાને મોર આવ્યો અને એ મોરમાંથી સુંદર અને મીઠી કેરીઓ પણ બેઠી. પેલો મજૂર નિત્યક્રમ પ્રમાણે ત્યાં ખાટલો લઇને આરામ કરવા આવ્યો. આરામ કરતાં કરતાં તેની નજર પેલા સુંદર અને મીઠા ફળ ઉપર પડી અને એનો જીવ લલચાયો. તેને ફળ ખાવાની ઇચ્છા થઇ. પહેલાં તો ઉભો થઇને કૂદકા મારવાં લાગ્યો. પણ ફળ સુધી ન પહોંચી શકતાં તે ઝાડ પર ચઢવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેમાં પણ તેને સફળતા ન મળી. તેથી તે ગુસ્સે થયો અને આમ તેમ જોવાં લાગ્યો.

તેની નજર બાજુમાં પડેલ પથ્થર પર પડી. પથ્થર તેણે હાથમાં લીધો અને જે ડાળી પર વધારે ફળ આવ્યાં હતાં તેનાં પર પથ્થરનો ઘા કર્યો. પથ્થરનાં મારથી કેરી તૂટીને નીચે પડી. તે જોઇ તે આનંદમાં આવી ગયો.

ઝાડની ડાળીને પથ્થરનો ઘા વાગવાથી ડાળીની આંખમાંથી આંસુ ટપકવાં લાગ્યાં અને તે આંસુ મજૂરનાં માથા પર પડ્યાં. મજૂર ફળ ખાતા ખાતા ઉપર જોયું અને વિચારવા લાગ્યો : આ શુ થયું ? ત્યારે ઝાડ રડતા અવાજે બોલ્યું ઉપકારહિન માણસ ! તે આ શુ કર્યું. ? હુ તારો થાક ઉતારવા તને રોજ છાંયડો અને મીઠો મીઠો પવન આપું છું. તેનો બદલો તે આવી રીતે વાળ્યો ? થોડી રાહ જોઇ હોત તો અથવા તો તે પ્રેમથી મારી પાસે માંગણી કરી હોત તો હુ તને હરખથી મારૂ ફળ આપત. આમ પણ મારૂ ફળ પાકે એટલે હુ પોતે ક્યાં ખાઉં છું ? તમને તો ખાવા માટે આપુ છું. મારૂ તો જીવન જ પરોપકારી છે. પણ તમે માણસો સાવ સ્વાર્થી છો. આટલુ કહી ઝાડ ચૂપ થઇ ગયું અને પેલો મજૂર ઝાડની વાત સાંભળીને જોતો જ રહી ગયો.

## મારા નજીકનાં વાલીમિત્રો માટે



**સથવારા નિમિષા,**
**આચાર્ય, અમદાવાદ**

૧. અમે અમારા સંતાનનાં ધ્યેયને પોતાનું ધ્યેય ગણીને એની સગવડ સાચવીશું.
૨. કર્મનો નિયમ સમજી એને અંતરમાં ઉતારીશું. સંતાનના કર્મ પ્રત્યે નિષ્ઠા-શ્રદ્ધા વધારીશું.
૩. અમે દરરોજ સંતાન સાથે અડધો કલાકથી પોણો કલાક બેસી તેની મૂંઝવણો જાણી, તેને પ્રોત્સાહન અને પ્રેરણા આપીશું.
૪. અમે અમારૂ માનસ પરિવર્તન કરી, સંતાન પ્રત્યેનો અભિગમ બદલીશું.
૫. અમારી ગુરૂતાની ગ્રંથિ છોડીશું અને સફળ વાલી બનવાનાં પુસ્તકો વાંચીશું.
૬. સંતાનોને સૂચના આપવાની શૈલી બદલીશું, એમને પ્રેમથી સમજાવી સન્માર્ગે વાળીશું.
૭. સંતાનનાં ગુણ શોધી વીકસાવીશું અને જીવનનાં નાના-નાના આનંદો લઇશું.
૮. અમારી અને સંતાનની વચ્ચે સ્નેહ, વિશ્વાસ અને નિખાલસતાનો સેતું બાંધીશું.
૯. અમે અમારા વડિલો અને સંતાન વચ્ચે લક્ષ્મણ રેખા દોરીશું.
૧૦. સંતાનને બીજાનાં દેખતાં ટોકવાનાં, મારવાનાં, જીવન ઘાતક શબ્દો કહેવાનાં, તેનાં પ્રત્યે પૂર્વગ્રહનાં જેવા, દસેક 'ન' કાર અમારા મનમાં સ્થાપિત કરીશું. સંતાનને સાચા માર્ગે લઇ જઇશું.
૧૧. અમે અમારા સંતાનની આજની ક્ષણને 'પૃ ષ્ટિ' આપી 'તૃષ્ટિ' આપીશું.

અમે એક 'સૂર' થઇશું, એક 'રાગ' આલાપીશું, એક 'સંગીત' ઘરમાં નિપજાવીશું.



## Maths 'O' Mania'at Belur

ધોરણ ૧ થી ૫માં બાળકોને વ્યવહારૂ કોયડા તથા વ્યવહારમાં ઉપયોગ થતાં ગણિતનો મહાવરો કરાવવો કાર્યક્રમ એટલે Maths 'O' Mania આ કાર્યક્રમ અંતર્ગત Smart Game ગાણિતિક સાપસીડી, ગુંજસની રમત, ક્યુકાની રમત સાપસીડી વગેરે રમત તથા સ્પર્ધાઓનું આયોજન કરેલ જેમાં બાળકોએ હોશભેર ભાગ લીધો. તથા આ સાથે ગાણિતિક જગતનાં સફળ વ્યક્તિઓનો પરિચય પણ કરાવવામાં આવેલ.

Maths 'O' Mania કાર્યક્રમને સફળ બનાવવા બદલ ચિરાગભાઇ, નિરાલીબેન તથા સ્ટાફગણને સંસ્થાના એમ. ડી.શ્રી બી.સી.લાડુમોર તથા સેક્રેટરીશ્રી પી. એમ. નકુમ સાહેબે તેમજ બેલુર પરિવારે અભિનંદન પાઠવેલ.

# સેલોરેક્સ

એક મોટો જીલ્લો હતો. તેનું નામ સેલોરેક્સ હતું. તેનું નામ તે જીલ્લા પરથી જ હતું. સેલોરેક્સમાં પ્રાણી સંગ્રહાલય હતું. ઝુનુ નામ સેરોકોર હતું.  તેમાં ઘણા બધા પ્રાણી, પક્ષી હતાં. વાઘ, સિંહ, મોર, વાઇટ મોર, રંગીન પોપટ, વાંદરા, ગેંડા, કેટલાય પ્રાણીઓ પક્ષીઓ હતાં. બધા વાઘ અને સિંહને બહુ હેરાન કરે. સિંહ અને વાઘનાં પીંજરા પાસે ટોળુ વળી જાય. સિંહે એક બહુ મોટી ગર્જના કરી બધા ડરી ગયાં અને જતાં રહ્યાં. એક છોકરો રડવા લાગ્યો. તેનું નામ સાનિય હતું. તે પાંચ વર્ષનો હતો તેની માં તેને છાનો રાખવાનો પ્રયત્ન કરે પણ છોકરો રડતો જ રહે કંઇ સાંભળે નહીં. બસ તે ડરી ગયો હતો તેને તાવ ચડી ગયો હતો. થોડીવાર પછી તે છાનો રહી ગયો. તે ઝૂની મુલાકાત મોળવીને ઘરે ગયાં.

સાનિય ખૂબ તોફાની છોકરો હતો. કોઇનું માને જ નહીં,પણ સાથે હોંશિયાર પણ હતો. હોંશિયાર હોવા છતાં છોડનાં ફૂલ તોડી લઇ, છોડ જ તોડી નાખે. આ તેની માંને ગમતુ નહીં.

માં એ વિચાર્યું આજે હુ સાનિયની પરીક્ષા લઉં. તેની માં તેને તેનાં આંગણામાં લઇ ગઇ. માં એ કહ્યું જો હુ આંબાના વૃક્ષમાંથી કેરી તોડુ (માંએ કેરી તોડી). હવે માં કહે મારે પેલું ફૂલ જોતુ છે. હુ ત્યાં નથી આંબી શકતી  ડાળખી તોડી નાખી. હવે માં કહે જો મે તારા માટે ફૂલ  અને કેરી તોડ્યાં છે.

છોકરો કહે તે એ ફૂલ માટે ડાળખી કેમ તોડી ? અને તમને ખબર છે મને કેરી ભાવતી નથી.

બસ હુ તને આજ સમજાવતી હતી. છોકરો કહે 'મને કાંઇ સમજાણુ નહીં માં', એમ કે છોડ કેમ તોડી નાખો છો. એમાં તો ફળ પણ ન હતાં. અને ફૂલ માટે મેં ડાળખી તોડી.  ફૂલ તો તુ પછી ફેંકી દે છે. તે ફૂલનુ કામ તુટવાનું જ ફૂલ છોડમાં જ સરસ લાગે, તો હવે એવું કરીશ. છોકરો કહે કદી નહી કરું, મમ્મી માફ કરો.





## જો જો પાછા હસતા નહી

### ગાડી રિપેર થઈ જાય!

બાપુએ પૂરપાર ગાડી હંકારતા અકસ્માત થયો.
કોર્ટમાં જજ સાહેબે પૂછ્યું,
બોલો શું સજા આપું?
૩૦ દિવસની જેલ કે ૩૦૦૦ રૂપિયા?
બાપુ: સાહેબ રૂપિયા આપો
તો ગાડી રિપેર થઈ જાય!

### બિલાડી આગળથી નીકળી

જો તમે જઈ રહ્યા હોય અને કાળી બિલાડી તમારા આગળથી નીકળી જાય તો શું સમજશો?
અરે શું કામ દરેક વખતે દિમાગ દોડાવો છો, સમજવાની વાત છે કે બિલાડીને તમારાથી વધુ ઉતાવળ હશે!!!

### યમુના નદી ક્યાં વહે છે?

**શિક્ષક:** સંજુ બતાવ યમુના નદી ક્યા વહે છે?
**સંજુ:** યમુના નદી જમીન પર વહે છે
**શિક્ષક:** નકશામાં બતાવો ક્યા વહે છે?
**સંજુ:** નકશામાં કેવી રીતે વહી શકે છે. નકશો પલળીને ખરાબ થઈ જાય તો?

### તાળીઓ પાડી રહ્યા હતા?

મચ્છરનું બચ્ચું પહેલીવાર ઉડ્યું,
જ્યારે તે પરત આવ્યું તો તેના પિતાએ પુછ્યું કેવું લાગ્યું?
મચ્છર: ખૂબ સારુ જ્યાં પણ ગયો લોકો તાળીઓ પાડી રહ્યા હતાં.

### તંબુ ચોરાઈ ગયો

બે મિત્ર જંગલમાં પિકનિક કરવા ગયા.
રાત પડી તો તંબુ બાંધીને સૂઈ ગયા
રાત્રે એક મિત્ર ઉઠ્યો,
બીજા મિત્રને ઉઠાડી પુછ્યું
"આકાશ તરફ જો અને બોલ શું દેખાય છે?"
બીજો "સુંદર ચંદ્ર અને લાખો સિતારા"
પહેલો મિત્ર "તેનાથી શું ખબર પડી?"
બીજો "આકાશ બહું ખૂબસૂરત છે"
પહેલો મિત્ર ગરમ થઈ ગયો
"અબે ન્યૂટનની ઔલાદ
તેના પરથી તે ખબર પડે કે આપણો તંબુ ચોરાઈ ગયો"